જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા
અનાવીલ ભવન સામે, કારેલીબાગ, વડોદરા.
ફોન નં./ફેક્સ નં. ૦૨૬૫-૨૪૬૧૭૦૩ ઈ – મેઈલ : vadodeo@gmail.com

ક્રમાંક. ક-૩/પરચ/૨૦૨૬-૨૭/ ૨૦૩૮૪ તા.૦૭ /૧૦/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

વિષય: વડોદરા જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ શાળાઓમાં "Kids Mindset Road Safety Awareness Programme" નું આયોજન કરવા બાબત...
સંદર્ભ: ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી, ગાંધીનગરના તા.06/10/2026 ના પત્ર અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી, ગાંધીનગર દ્વારા વડોદરા જિલ્લાની શાળાઓમાં "Kids Mindset Road Safety Awareness Programme" નું આયોજન કરવા બાબતે સામેલ લિસ્ટ મુજબના કો-ઓર્ડિનેટર સદર કાર્યક્રમનુ આયોજન કરશે જેથી આપની શાળાઓ તરફથી યોગ્ય સહકાર આપવા અને શૈક્ષણિક કાર્યને અસર ન થાય તેવી રીતે કાર્યક્રમ રાખવા જણાવવામાં આવે છે.

(એમ.આર પાંડે)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

કો-ઓર્ડિનેટર નામ અને મોબાઈલ નંબર

ક્રમ	નામ	મોબાઈલ નંબર
1	સુનિલભાઈ પઢિયાર	9998012847
2	પ્રિતેશકુમાર સુથાર	9898599677
3	અજયભાઈ કુંટે	9925029395
4	રાજેનભાઈ સોલંકી	9825319933
5	આશુતોષભાઈ મકવાણા	998122701
6	હેમાંગ મોદી	9898339074
7	પ્રવીણભાઈ સોલંકી	9725568212
8	મુકેશભાઈ પી.રાણા	8511123769
9	હિમાંશુ પટેલ	9909486258
10	ભાવેશભાઈ સુથાર	9574525165

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,
સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
E-mail Id : cot-trans-rsa@gujarat.gov.in, **Phone** : 079 23258148

NO. GRSA/AWR/e-File/2026/403
Dt. 06/10/2026

પ્રતિ,
૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
3) જિલ્લા શાસનાધિકારી
સુરત, વડોદરા, રાજકોટ.

વિષય: શાળાઓમાં "Kids Mindset Road Safety Awareness Programme"નું આયોજન કરવા તથા જરૂરી સહયોગ આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જય ભારત સહ જણાવવાનું કે, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી એક્ટ, ૨૦૧૮ ની કલમ-૩ હેઠળ ગુજરાત રાજયમાં માર્ગ સલામતી ક્ષેત્રે મુખ્ય એજન્સી (lead agency) તરીકે કાર્ય કરવા ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી (GUJROSA) ની સ્થાપના કરવામાં આવેલ છે.

માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા તથા માર્ગ વપરાશકર્તાઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે માર્ગ સલામતીના મુખ્ય ચાર આધારસ્તંભો એટલે કે **Engineering, Enforcement, Emergency Care અને Education & Awareness (4-E)** પૈકી **Education & Awareness** ની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. માર્ગ સલામતીના નિયમો અંગે નાગરિકોમાં જાગૃતિ કેળવવી તથા જવાબદાર માર્ગ વપરાશની ભાવના વિકસાવવી એ અકસ્માત નિવારણ માટેનું ખૂબ મહત્વપૂર્ણ પાસુ છે.

ગુજરાત રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યા તથા તેના કારણે થતી જાનહાનિ અને ગંભીર ઇજાઓમાં ઘટાડો લાવવા માટે માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ઉભી કરવી અત્યંત જરૂરી છે. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓમાં નાની ઉંમરથી જ ટ્રાફિક નિયમોનું પાલન, જવાબદાર માર્ગ વપરાશકર્તા તરીકેનું વર્તન તથા સુરક્ષિત માર્ગ વ્યવહારની માનસિકતા વિકસે તે હેતુથી Asian Road Safety Academy (ARSA) દ્વારા Honda India Foundationના CSR સહયોગથી "Kids Mindset Road Safety Awareness Programme" નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની ઉંમર અને ધોરણ અનુસાર માર્ગ સલામતી અંગે જાગૃતિ તથા Road Safety Mindset વિકસાવવાનો છે.

ઉક્ત કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં આશરે 25 મિનિટના Classroom Awareness Sessionનું આયોજન કરવામાં આવશે, જેમાં Road Safety Video Modulesનું પ્રદર્શન, વિદ્યાર્થીઓ માટે Pre-Test, માર્ગ સલામતી અંગે જાગૃતિ સત્ર, વિદ્યાર્થીઓ સાથે Interaction/Discussion તથા Post-Testનો સમાવેશ થશે.

આ કાર્યક્રમ અંતર્ગત આપના જિલ્લાની/શહેરની સંલગ્ન શાળાઓમાં કાર્યક્રમનું સુચારુ આયોજન થઈ શકે તે માટે આપની કચેરી દ્વારા યોગ્ય શાળાઓની પસંદગી કરી કાર્યક્રમની તારીખ અને સમય આપવા તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા તથા બેઠક વ્યવસ્થા જરૂરી વહીવટી તથા સંકલનાત્મક સહયોગ આપવા અને સંબંધિત અધિકારી/કર્મચારીને જરૂરી સુચના આપવા વિનંતી છે.

વધુમાં કાર્યક્રમ માટે જરૂરી માહિતી સારું ડો.પ્રેરણા અરોડા સિંહ (મેનેજીંગ ડાઈરેકટર, ARSA) મોબાઈલ નં. ૯૮૨૯૭ ૩૩૮૯૩ નો સંપર્ક કરવો.

અને ડૉ. પ્રેરણા અરોડા મો. નં. 9825402957

Pshal

સંયુક્ત કમિશનર
ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

1. આર.ટી.ઓ.શ્રી, સુરત, વડોદરા, રાજકોટને જરૂરી સંકલન અને કાર્યવાહી સારું
2. રિજનલ એન્ફોર્સમેન્ટ ઓફીસરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ (સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન થાય તે માટે તમામ સબંધિતો સાથે જરૂરી સંકલન કરવા સારું)